For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### નિમણૂકને લઈને વિવિધ સ્તરે નારાજગીની ચર્ચા વચ્ચે રાજીનામું આપ્યાની અટકળો

# એમએસયુના બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી જિગર ઈનામદારનું મહિનામાં જ રાજીનામું

**વીસીને** ગાંધીનગર બોલાવી ખુલાસો માંગ્યાની ચર્ચા, ઈન્ચાર્જ રજિસ્ટ્રારે કહ્યું-'મને જાણ નથી'

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

રાજ્ય સરકાર દ્વારા કોમન એક્ટ લાગુ કરવામાં આવ્યા બાદ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમએસયુ) માં સેનેટની જગ્યાએ બોર્ડ ઓફ મેનેજમેન્ટ અસ્તિત્વમાં આવ્યું છે. તાજેતરમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં નવા સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીના પૂર્વ સિન્ડિકેટ સભ્ય જિગર ઈનામદારનો પણ સમાવેશ કરાયો હતો. જોકે, નિમણૂકના એક મહિનાની અંદર જ તેમણે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી રાજીનામું આપ્યું હોવાની ચર્ચા શરૂ થતાં શૈક્ષણિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જિગર ઈનામદારની નિમણૂક ચાન્સેલર ડો. શુભાંગિનીદેવી ગાયકવાડ દ્વારા કરવામાં આવી હતી. તેમની નિમણૂક બાદ વિવિધ સ્તરે નારાજગી હોવાની ચર્ચા ચાલી રહી હતી. યુનિવર્સિટીના



એક સૂત્રના જણાવ્યા મુજબ, તેમની નિમણૂક રદ કરાવવા માટે અધ્યાપકોના એક જૂથ તથા ભાજપ સાથે સંકળાયેલા એક જૂથ દ્વારા લોબિંગ કરવામાં આવ્યું હોવાની ચર્ચા હતી. સૂત્રે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ સેનેટ અને સિન્ડિકેટમાં જિગર ઈનામદારનું પ્રભાવશાળી સ્થાન રહ્યું હતું અને તે સમયે પણ તેમની સામે લોબિંગ થયું હોવાની ચર્ચા હતી.

બીજી તરફ, એવી પણ ચર્ચા છે કે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રહેવાની જિગર ઈનામદારની શરૂઆતથી જ ઈચ્છા નહોતી અને નિમણૂકને લઈને વિવાદ સર્જાતાં તેમણે સ્વેચ્છાએ ચાન્સેલરને રાજીનામું મોકલી આપ્યું છે. આ સમગ્ર મામલે વાઈસ ચાન્સેલરને ગાંધીનગર બોલાવીને નિમણૂક અંગે ખુલાસો માંગવામાં આવ્યો હોવાની પણ ચર્ચા છે. સાથે જ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની નિમણૂક પહેલાં જરૂરી પૂર્વ મંજૂરી લેવામાં આવી હતી કે નહીં તે મુદ્દે પણ સવાલો ઉઠ્યા હોવાની માહિતી છે.

જિગર ઈનામદારે સમગ્ર મામલે કોઈ પ્રતિક્રિયા આપવાનો ઈનકાર કર્યો હતો. જ્યારે ઈન્ચાર્જ રજિસ્ટ્રાર ડો. ચુડાસમાએ જણાવ્યું હતું કે, જિગર ઈનામદારે રાજીનામું આપ્યું છે કે નહીં તેની તેમને જાણ નથી. ચાન્સેલર હાલ વિદેશમાં છે અને બુધવારે પરત આવ્યા બાદ સ્થિતિ સ્પષ્ટ થશે.

### આઉટસોર્સિંગ બંધ કરો, લાયકાતને ન્યાય આપોના નારા સાથે દેખાવ

# GETCO ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ ભરતી વિવાદ મુખ્ય કચેરી બહાર ઉમેદવારોનું વિરોધ પ્રદર્શન

**માંગણીઓ** પર સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો ગાંધીનગર સુધી ઉગ્ર આંદોલનની ચીમકી




(પ્રતિનિધિ) વડોદરા,તા.16

જેટકો ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ ભરતી 2026ને લઈને યુવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાંથી આશરે 200 થી વધુ ઉમેદવારોએ વડોદરા રેસકોર્સ ખાતે આવેલી જીઈબીની મુખ્ય ઓફિસ ખાતે ભેગા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

મધ્ય ગુજરાત સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ભૂતપૂર્વ એપ્રેન્ટીસોએ જેટકો એપ્રેન્ટીસ એક જ અવાજ, લાયકાતને ન્યાય જોઈએ અને આઉટસોર્સિંગ બંધ કરો ના નારા લગાવી સૂત્રોચ્ચાર કર્યા હતા. યુવાનોનું કહેવું હતું કે અમે વર્ષો સુધી જેટકોમાં એપ્રેન્ટીસ તરીકે સેવા આપી છે, પૂરતો અનુભવ હોવા છતાં આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ પદ્ધતિના કારણે અમારું ભવિષ્ય અંધકારમય બની ગયું છે. ઉમેદવારોએ મુખ્ય માંગમાં આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ આધારિત ભરતી પદ્ધતિ તાત્કાલિક બંધ કરો. જેટકોમાં ફરજ બજાવી ચૂકેલા એક્સ-એપ્રેન્ટીસનું ભવિષ્ય સુરક્ષિત કરો. ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ ભરતીનો બીજો રાઉન્ડ 2500+ જગ્યાઓ સાથે તાત્કાલિક જાહેર કરો. વર્ષ 2023માં જાહેર કરેલી 8000 જગ્યાઓ પર ભરતી કરવાના વાયદા પૂરા કરો. 2026ની ભરતી પ્રક્રિયામાં જો મેનેજમેન્ટને વધુ સમય લાગે તો મેરિટ લિસ્ટની સમયમર્યાદા વધારવામાં આવે. ઉમેદવારોએ ચીમકી ઉચ્ચારી હતી કે જો તંત્ર દ્વારા અમારી માંગણીઓ પર સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધીનગર સુધી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. પ્રદર્શનને પગલે રેસકોર્સ જીઈબી કચેરી બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખવામાં આવી હતી.

# બાપોદ પોલીસની ફરજચૂકના આક્ષેપમાં ૫ નવેમ્બર સુધી રિપોર્ટ રજૂ કરવા હુકમ

**એટ્રોસિટીની** અરજીની બે પીઆઇ અને હેડ કોન્સ્ટેબલ દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરાતા કોર્ટમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

SC-ST અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળની ફરિયાદમાં FIR નોંધવામાં કથિત ફરજચૂકના આક્ષેપ વચ્ચે વડોદરા કોર્ટમાં મહત્વનો હુકમ થયો છે. અદાલતે સંબંધિત પોલીસ અધિકારીઓની કથિત ફરજચૂક અંગે વહીવટી તપાસ પૂર્ણ કરી 5 નવેમ્બર સુધીમાં અંતિમ ભલામણ સાથે કારણસહિત સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા સત્તાધિકારીને આદેશ કર્યો છે.

વડોદરાની આનંદ મંગલ સોસાયટીના રહેવાસી આનંદ નવીનકુમાર ગોહિલે SC-ST એક્ટની કલમ-4 હેઠળ પી.આઈ. પી.યુ. પુસ્તાગિયા, પી.આઈ. ડી.ડી. લાડુમોર અને હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી. ફરિયાદ મુજબ કાયદાકીય જોગવાઈ હોવા છતાં FIR નોંધાઈ નહોતી. આ મામલે DGPને પણ રજૂઆત કરવામાં આવી હતી.

DGP સમક્ષ કરાયેલી રજૂઆત વડોદરા શહેરના G-ડિવિઝન ACPને સોંપાઈ હતી. ACPએ 5 ઓગસ્ટે ફરિયાદીનું નિવેદન નોંધ્યું હતું. તેની લેખિત જાણ અને 28 જૂનની DGPને કરાયેલી અરજી પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

કોર્ટે નોંધ્યું હતું કે, પોલીસ અધિકારીઓએ SC-ST એક્ટની કલમ 4(2) હેઠળની ફરજોની જાણીજોઈને અવગણના કરી છે કે નહીં તે માત્ર ફરિયાદ કે નિવેદનના આધારે નક્કી થઈ શકે નહીં. તેથી કાયદા મુજબ આગળની કાર્યવાહી પહેલાં વહીવટી તપાસ જરૂરી હોવાનું જણાવી 5 નવેમ્બર સુધીમાં કારણસહિત રિપોર્ટ રજૂ કરવાનો આદેશ કર્યો છે. ઉપરાંત હુકમના અમલ માટે G-ડિવિઝન ACPને પણ યાદી મોકલવા નિર્દેશ કરાયો છે.

# ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડ વર્ગ-૩ કર્મચારીઓની ગ્રેડ પે સહિતની માંગણીઓ સાથે હડતાળ છઠ્ઠા દિવસે યથાવત

**વડોદરાની** જમીન દફતર કચેરીમાં કામગીરી ઠપ

**19 સુધી** 'પેન ડાઉન', નિર્ણય નહીં આવે તો 21થી અચોક્કસ મુદતની હડતાલની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા. તા.16

ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળ દ્વારા પોતાની લાંબા સમયથી પડતર રહેલી ગ્રેડ પે સહિતની વિવિધ માંગણીઓને લઈને વડોદરા ખાતે છેલ્લા છ દિવસથી ઉગ્ર વિરોધ પ્રદર્શન અને હડતાલ શરૂ કરવામાં આવી છે. વારંવાર રજૂઆતો કરવા છતાં સંબંધિત તંત્ર દ્વારા કોઈ જ હકારાત્મક નિર્ણય લેવામાં ન આવતા આખરે કર્મચારીઓને નાછૂટકે હડતાલનો માર્ગ અપનાવવાની ફરજ પડી છે.



કર્મચારી મંડળના અગ્રણીઓ અને કર્મચારીઓના જણાવ્યા મુજબ, તેઓ લાંબા સમયથી માત્ર ગ્રેડ પેની મુખ્ય માંગણી માટે લડત ચલાવી રહ્યા છે. વર્તમાન સમયમાં DGPS અને CTS જેવા અત્યાધુનિક ટેકનિકલ સાધનો સાથે જમીન માપણી, રીસર્વે અને ખેડૂતોની જમીનને લગતી જટિલ કામગીરી આ કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. તેમ છતાં, અન્ય સરકારી વિભાગોની જેમ યોગ્ય ટેકનિકલ ગ્રેડ પે ફાળવવામાં આવતો નથી. વર્તમાન ૨૮૦૦ ગ્રેડ પેથી વધારીને કામના ટેકનિકલ સ્વરૂપ મુજબ ૪૪૦૦ કરવામાં આવે. હાલનો ૨૪૦૦ ગ્રેડ પેથી વધારીને ૨૮૦૦ કરવામાં આવે.

આ અંગે કર્મચારી સુરેશ યશવંત ચાલકે જણાવ્યું હતું કે, અમે ટેકનિકલ સાધનો સાથે જમીન માપણીની કામગીરી કરીએ છીએ છતાં અમને યોગ્ય ન્યાય મળતો નથી. આ માંગણીઓ કોઈ તાજેતરની નથી પરંતુ છેલ્લા દસ વર્ષથી ચાલી રહી છે.

કર્મચારીઓની આ હડતાલના કારણે વડોદરાના નાયબ નિયામક જમીન દફ્તર વિભાગ ખાતે કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી કચેરીએ આવતા અરજદારો, ખેડૂતો અને મિલકત ધારકો ધક્કા ખાવા મજબૂર બન્યા છે. જમીનના દસ્તાવેજો, નકશા, સીટી સર્વેની નોંધો, લોન માટેના જરૂરી દાખલા તેમજ જમીન સંપાદન અને સરકારી પ્રોજેક્ટ્સની માપણી જેવા પાયાના કાર્યો અટવાઈ જવાને કારણે પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અરજદારોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મહિનાઓથી અરજીઓ આપવા છતાં કર્મચારીઓ હડતાલ પર હોવાથી તેમને કોઈ જ સંતોષકારક જવાબ કે સહકાર મળતો નથી.

ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે આજથી શરૂ થયેલું 'પેન ડાઉન' આંદોલન આગામી તા. ૧૯ સુધી ચાલુ રહેશે. રાજ્ય મંડળના આદેશ અનુસાર જો સરકાર દ્વારા વહેલી તકે આ મામલે કોઈ સંતોષકારક નિર્ણય નહીં લેવાય, તો તા. ૨૧ થી અચોક્કસ મુદતની હડતાલ અને વધુ ઉગ્ર આંદોલનાત્મક પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# મઢેલી ગામના ખેડૂતના ખાતામાંથી અજાણ્ય IDથી ૯૭ હજાર ઉપડી ગયા

**રૂ.30-30** હજારના ત્રણ ટ્રાન્ઝેક્શન સહિત ચાર વખત ઓનલાઇન રકમ ટ્રાન્સફર

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વાઘોડિયા તાલુકાના મઢેલી ગામના ખેડૂતના બેન્ક ખાતામાંથી તેમની જાણ બહાર અલગ-અલગ UPI આઈડી મારફતે રૂ.97 હજાર ટ્રાન્સફર કરીને ઓનલાઈન છેતરપિંડી કરાઈ હતી. ખેડૂતે સાયબર ફ્રોડની વાઘોડિયા પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

વાઘોડિયા તાલુકાના મઢેલી સોલંકી ફળિયામાં રહેતા ગફુરભાઈ દોલુભાઈ સોલંકી ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનું બેન્ક ઓફ બરોડા લીંમડા શાખામાં ખાતું છે અને તેમાં ખેતીના પાકની આવકના નાણાં જમા રહે છે. તેઓ એટીએમ કાર્ડ ઉપરાંત મોબાઈલ નંબર સાથે જોડાયેલા ગૂગલ પેનો પણ ઉપયોગ કરે છે.

ગફુરભાઈએ તા.5 સપ્ટેમ્બરે પૈસાની જરૂર પડતાં મોબાઈલમાં બેન્ક બેલેન્સ ચેક કરતાં માત્ર રૂ.198 બેલેન્સ દેખાયું હતું. મોબાઈલમાં ભૂલ હોવાનું માની તેમણે લીંમડા ખાતે બેન્કના એટીએમમાંથી રૂ.2 હજાર ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રકમ ઉપડી નહોતી. ત્યારબાદ બેન્કમાં જઈ સ્ટેટમેન્ટ કઢાવતાં તેમના ખાતામાંથી અજાણ્યા UPI ટ્રાન્ઝેક્શન થયાનું જણાયું હતું. સ્ટેટમેન્ટ કઢાવતા તા.2 સપ્ટેમ્બરે Susu-123@axl નામના UPI આઈડી મારફતે રૂ.30 હજારના ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન થયા હતા, જ્યારે તા.4 સપ્ટેમ્બરે Periasamy 3361@okaxis મારફતે રૂ.7 હજાર ટ્રાન્સફર થયા હતા. આમ રૂ.97 હજાર અજાણ્યા ખાતાઓમાં જતાં રહ્યા હતા.

ખેડુત જણાવ્યું હતુ કે આ તમામ ટ્રાન્ઝેક્શન તેમની જાણ બહાર થયા હતા અને તેમના મોબાઈલ પર કોઈ મેસેજ કે કોલ પણ આવ્યો નહોતો. તેમણે તા.5 સપ્ટેમ્બરે સાયબર ફ્રોડ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. વાઘોડિયા પોલીસે યુપીઆઈ દ્વારા છેતરપિંડી કરનાર શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

### ઓવરલોડ કચરાની ટ્રકમાંથી રસ્તા પર કચરો અને દૂષિત પ્રવાહી વેરાયો

# સ્વચ્છતાને બદલે કચરાની ગાડી જ રસ્તા પર ગંદકી ફેલાવતી હોવાનો વીડિયો વાયરલ

**જાગૃત** નાગરિકે વીડિયો ઉતારી તંત્રની બેદરકારી ઉજાગર કરી, કાર્યવાહી કરવાની માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના દાવા વચ્ચે કોર્પોરેશનની કચરો ઉઠાવતી ગાડીમાંથી જ રસ્તા પર ગંદકી ફેલાતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.



વાયરલ વીડિયોમાં જોવા મળતી કચરાની ટ્રકમાં ક્ષમતા કરતાં વધુ અથવા આડેધડ રીતે કચરો ભરવામાં આવ્યો હોવાનું જણાય છે. આ ગાડી જાહેર માર્ગ પરથી પસાર થતી વખતે તેમાંથી કચરો તેમજ દૂષિત પ્રવાહી સતત રસ્તા પર પડતું રહ્યું હતું. પરિણામે ટ્રક પાછળનો માર્ગ કચરા અને ગંદકીથી ખરડાતો ગયો હતો. સમગ્ર ઘટનાક્રમ દરમિયાન ચાલક અથવા સંબંધિત તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાનું વીડિયોમાંથી જણાય છે.

આ ઘટના એક જાગૃત નાગરિકના ધ્યાનમાં આવતા તેમણે તેનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર મૂક્યો હતો. નાગરિકે આક્ષેપ કર્યો હતો કે શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી ધરાવતી કોર્પોરેશનની જ ગાડી રસ્તા પર ગંદકી ફેલાવી રહી છે.

વીડિયો બાદ સ્થાનિકો અને જાગૃત નાગરિકોએ મામલો મ્યુનિસિપલ કમિશનર તથા ઉચ્ચ અધિકારીઓના ધ્યાન પર લાવવાનો પ્રયાસ કર્યો છે. શહેરીજનોમાં આ ઘટનાને લઈને રોષ જોવા મળી રહ્યો છે. લોકો દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યો છે કે કચરો વહન કરતી ગાડીઓમાં કચરો યોગ્ય રીતે ભરવા અને પરિવહન દરમિયાન બહાર ન પડે તે માટેની વ્યવસ્થાનું પાલન થાય છે કે નહીં. હવે તંત્ર આ મામલે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરે છે કે કેમ તે જોવાનું રહ્યું.

# વરસાદ બાદ ખાડા-ડેમેજ રોડની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા કમિશનરની ટકોર

**ARC** મારફતે તાત્કાલિક પેચવર્ક શરૂ કરવા અધિકારીઓને સમીક્ષા બેઠકમાં કડક નિર્દેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં સાપ્તાહિક સમીક્ષા બેઠક યોજાઈ હતી. છેલ્લા બે દિવસના વરસાદને કારણે શહેરમાં પડેલા ખાડા તથા ડેમેજ થયેલા રસ્તાઓની કામગીરી ઝડપથી અને ગુણવત્તાસભર પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

બેઠકમાં ચારેય ઝોનના ઝોનલ એન્જિનિયર, રોડ, પ્રોજેક્ટ, ડ્રેનેજ અને વોટર સપ્લાય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કમિશનરે ડિપાર્ટમેન્ટલ કામગીરી ઉપરાંત ARC મારફતે તાત્કાલિક પેચવર્ક શરૂ કરવા અને મુખ્ય માર્ગોની કામગીરી ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવા જણાવ્યું હતું. ગણેશોત્સવ દરમિયાન નાની ગલીઓમાં પણ કામગીરી ચાલુ રાખવા નિર્દેશ અપાયો હતો.

આ ઉપરાંત વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે યોજાનારા 'સેવાથી સ્વાગત' અને 'સ્વચ્છતા હી સેવા' અભિયાનની તૈયારીઓની સમીક્ષા કરાઈ હતી. 17 સપ્ટેમ્બરે હેલ્થ ડિપાર્ટમેન્ટ તથા ટીમ ફાઉન્ડેશનના સહયોગથી અંગદાન સંકલ્પ અને હેલ્થ કેમ્પ યોજાશે. સાંજે 6:30 વાગ્યે સુરસાગર ખાતે દીપોત્સવનું આયોજન કરાયું છે.

ગણેશોત્સવ, નવરાત્રી અને દિવાળી પૂર્વે સુરસાગર ખાતે સ્વચ્છતા સંકલ્પ તથા બ્રહ્માકુમારીઝ અને સ્થાનિક કલાકારોના સહયોગથી વ્યસનમુક્તિ અભિયાન હાથ ધરાશે. 18 સપ્ટેમ્બરથી 'વન ડે વન રોડ' અને સ્વચ્છતા ઝુંબેશને વધુ વેગ આપવાની સાથે સેવા સેતુ અને આરોગ્ય સુવિધાઓનો લાભ વધુ નાગરિકો સુધી પહોંચાડવાનો નિર્ણય લેવાયો છે.

### ઝડપાયેલા ગોદારા ગેંગના કુલદીપ સ્વામીના મોબાઇલની FSLમાં તપાસ

# રૂ.૧૦ કરોડની ખંડણી કેસના આરોપીને દિલ્હીમાં રિમાન્ડ બાદ ટ્રાન્સફર વોરંટથી વડોદરા લવાશે

**CDR** અને ડેટામાંથી ગેંગના અન્ય સાગરીતોની કડી શોધાશે

(પ્રતિનિધિ) વડોદરા તા. 16

વડોદરાના વેપારીને ફોન કરી રૂ.10 કરોડની ખંડણી માંગવા અને નાણાં નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપવાના કેસમાં દિલ્હીથી ઝડપાયેલા રોહિત ગોદારા ગેંગના આરોપી કુલદીપ ગણેશદાસ સ્વામીના મોબાઈલમાંથી મહત્વની કડીઓ મેળવવા પોલીસે તપાસ તેજ કરી છે. આરોપીનો મોબાઈલ FSLમાં મોકલી ડેટા અને CDRની તપાસ શરૂ કરવામાં આવી છે. દરમિયાન તેની સ્વિફ્ટ ડિઝાયર કારમાંથી રૂ.4 કરોડની કિંમતનું 2.075 કિલો ઉચ્ચ ગુણવત્તાનું હેરોઈન મળી આવતાં કેસ વધુ ગંભીર બન્યો છે.

વેપારીને ખંડણી માટે ફોન આવ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે વેપારીને વિશ્વાસમાં લઈ આરોપી સાથે વાતચીત ચાલુ રાખી હતી. નેગોશિએશન દરમિયાન શરૂઆતમાં રૂ.20 લાખ અને બાદમાં રૂ.10 લાખ રોકડા દિલ્હીમાં આંગડિયા મારફતે આપવાનું નક્કી થયું હતું. આંગડિયા મારફતે રકમ લેવા દિલ્હી પહોંચેલા કુલદીપને વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને દિલ્હી સ્પેશ્યલ સેલની સંયુક્ત ટીમે ચાંદની ચોક વિસ્તારમાં આંગડિયા ટોકન સાથે ઝડપી લીધો હતો.

પૂછપરછમાં આરોપીએ ગેંગના કહેવાથી ખંડણીની રકમ લેવા દિલ્હી આવ્યો હોવાનું જણાવ્યું હતું. તેની બતાવેલી નજફગઢ ખાતે પાર્ક કરાયેલી કારની તલાશી લેતાં ડેકીમાંથી ચાર પેકેટમાં 2.075 કિલો હેરોઇન મળી આવ્યું હતું. પોલીસે કાર અને હેરોઇન કબજે કર્યું હતું.

હેરોઇન કેસમાં દિલ્હી સ્પેશ્યલ સેલ આરોપીનો કબજો મેળવી રિમાન્ડ દરમિયાન પૂછપરછ કરી રહી છે. બીજી તરફ મોબાઈલ ડેટા અને CDRના આધારે ગેંગના અન્ય સાગરીતો તથા ખંડણી કેસમાં તેમની સંડોવણીની કડીઓ મેળવાઈ રહી છે.

ડીસીપી ક્રાઈમ હિમાંશુ વર્માના જણાવ્યા મુજબ, દિલ્હીનો કેસ પૂર્ણ થયા બાદ ટ્રાન્સફર વોરંટથી આરોપીને વડોદરા લાવવામાં આવશે. ક્રાઈમ બ્રાન્ચની ટીમો દિલ્હી સહિત અન્ય સ્થળોએ તપાસ કરી રહી છે. વેપારી અને પરિવારને પોલીસ સુરક્ષા આપવામાં આવી છે.

### 'ક્વોન્ટમ AI'માં રૂ.૨૨ હજારના રોકાણ સામે રોજ રૂ.૭૫ હજાર કમાણીની લાલચ

# નાણામંત્રીના બનાવટી વીડિયો બતાવી બેંક આસિસ્ટન્ટ મેનેજરને રૂ.૧૨.૮૦ લાખનો ચૂનો

**ફૂડ ઓઇલમાં** રોકાણના નામે વધુ રકમ પડાવી, નફો ઉપાડવા રૂ.૭ લાખની માંગ કરતાં ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરાના સનફાર્મા રોડ પર રહેતા અને માંજલપુરની એક્સિસ બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા 44 વર્ષીય રક્ષેશ મિલીનચંદ્ર બુચ સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ઠગોએ સોશિયલ મીડિયા પર કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના નામે બનાવટી વીડિયો દર્શાવી 'ક્વોન્ટમ AI' સ્કીમમાં રોકાણ કરવાથી રોજ રૂ.75 હજાર સુધીની કમાણી થવાની લાલચ આપી હતી. બાદમાં એપ્લિકેશન કોલ અને ટેલિગ્રામ મારફતે સંપર્ક કરી અલગ-અલગ બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવી હતી.

ફરિયાદ મુજબ, 15 ફેબ્રુઆરીએ ફેસબુક પર જાહેરાત જોઈ રક્ષેશે લિંક મારફતે પોતાની વ્યક્તિગત વિગતો ભરી હતી. 17 ફેબ્રુઆરીએ અલી નામના શખ્સનો એપ્લિકેશન કોલ આવ્યો હતો. શેરબજારની સ્કીમ સમજાવી રૂ.22 હજારના રોકાણ ઉપરાંત ચાર્જના નામે રૂ.25 હજાર ભરાવ્યા હતા.

ત્યારબાદ ઠગોએ સાઉદીના ફૂડ ઓઈલમાં રોકાણ કરવાથી યુદ્ધના કારણે ભાવ વધશે અને મોટો નફો મળશે તેમ કહી વધુ રકમ પડાવી હતી. 17 ફેબ્રુઆરીથી 8 જૂન દરમિયાન રક્ષેશે અલગ-અલગ બેંક ખાતામાં રૂ.10.25 લાખ ટ્રાન્સફર કર્યા હતા. ઉપરાંત ક્રેડિટ કાર્ડના પાંચ ટ્રાન્ઝેક્શનથી રૂ.2.55 લાખથી વધુની રકમ પણ કપાવી હતી.

ઠગોએ એપમાં રોકાણની રકમ નફા સાથે વધેલી બતાવી વિશ્વાસ જાળવી રાખ્યો હતો. જોકે, રકમ ઉપાડવા જતાં બેલેન્સ શૂન્ય દેખાયું હતું. બાદમાં વિદેશી નંબર પરથી ફોન કરી રકમ પરત મેળવવા વધુ રૂ.7 લાખ ભરવા પડશે તેમ જણાવાયું હતું. શંકા જતા રક્ષેશે 1930 હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી. સાયબર ક્રાઈમ પોલીસે બેંક ટ્રાન્ઝેક્શન, ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ અને સ્ક્રીનશોટના આધારે તપાસ શરૂ કરી છે.

# ભૂમિ રેસિડેન્સીમાં મેન્ટેનન્સ-સફાઈ મુદ્દે રહીશોમાં રોષ

**મકાનમાલિકો** પાસેથી 300 અને ભાડૂઆતો પાસેથી 500 વસૂલાત છતાં સુવિધાના અભાવનો આક્ષેપ

**50 ટકા** મકાનો નિયમ વિરુદ્ધ ભાડે અપાયાનો દાવો, પાણી-હિસાબમાં પારદર્શિતાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ગોત્રી વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ બનેલી ભૂમિ રેસિડેન્સીના રહીશોમાં મેન્ટેનન્સ, સફાઈ, પાણી અને મકાનો ભાડે આપવાના મુદ્દે અસંતોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ સોસાયટીના વહીવટકર્તાઓ સામે નિયમોના ઉલ્લંઘન અને વસૂલાત છતાં પ્રાથમિક સુવિધા નહીં મળતી હોવાના આક્ષેપો કર્યા છે.



ભૂમિ રેસિડેન્સીના ત્રણ ટાવરમાં 156થી વધુ મકાનો છે. રહીશોના જણાવ્યા મુજબ મકાનમાલિકો પાસેથી માસિક રૂ.300 અને ભાડૂઆતો પાસેથી રૂ.500 મેન્ટેનન્સ વસૂલાય છે. તેમ છતાં નિયમિત સફાઈ, કચરાનો નિકાલ અને પીવાના પાણીની સમસ્યા યથાવત છે. કોર્પોરેશન તરફથી મળેલા રૂ.30 હજારનો હિસાબ પણ રજૂ કરાયો ન હોવાનો આક્ષેપ છે. રહીશોએ આવક-જાવક અને બિલનો પારદર્શક હિસાબ રજૂ કરવા સંયુક્ત વોટ્સએપ ગ્રુપ બનાવવાની માંગ કરી છે. રહીશોના જણાવ્યા મુજબ, સરકારી નિયમો પ્રમાણે આવાસ યોજનાના મકાનો સાત વર્ષ સુધી ભાડે આપી શકાતા નથી. છતાં આશરે 50 ટકા મકાનો ભાડે અપાયા હોવાનો દાવો કરાયો છે.

### પ્રદેશ કારોબારીમાં ૧૧ નવા સભ્યોનો સમાવેશ, નિમણૂકો તાત્કાલિક અસરથી અમલમાં

# ગુજરાત ભાજપમાં સંગઠનાત્મક ફેરફાર, રાજેન્દ્ર ત્રિવેદીને આણંદના પ્રભારીની જવાબદારી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

ગુજરાત ભાજપે સંગઠનાત્મક માળખામાં ફેરફાર કરતાં છ જિલ્લા-મહાનગર એકમો માટે નવા પ્રભારીઓની નિમણૂક કરી છે. સાથે પ્રદેશ કારોબારી સમિતિમાં 11 નવા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા જાહેર કરાયેલી નિમણૂકો તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

નવી નિમણૂકોમાં વડોદરા શહેરના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને આણંદ જિલ્લા પ્રભારી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ડો. મુકેશભાઈ રાઠવા (છોટાઉદેપુર) ને નર્મદા, શશિકાંતભાઈ પંડ્યાને (બનાસકાંઠા) દાહોદ, શરદભાઈ લાખાણીને (અમરેલી) ગીર સોમનાથ, વિશાલભાઈ ભરવાડને (કર્ણાવતી) મહીસાગર અને શિલ્પેશભાઈ દેસાઈને (વલસાડ) ડાંગની જવાબદારી સોંપાઈ છે.



પ્રદેશ કારોબારીમાં સામેલ 11 સભ્યોમાં રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ડો. મુકેશભાઈ રાઠવા, શરદભાઈ લાખાણી, કિશોરભાઈ ગાવિત, મનીષભાઈ પટેલ, અરુણાબેન ચૌધરી, શિલ્પેશભાઈ દેસાઈ, વિશાલભાઈ ભરવાડ, નંદિતાબેન ઠાકોર, ડો. જનકીબેન આચાર્ય અને કાનુભાઈ અરવિંદભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ નિમણૂકો અગાઉના કેટલાક સભ્યોને અન્ય સંગઠનાત્મક જવાબદારીઓ સોંપાયા બાદ ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે કરવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

ભાજપના સંગઠનાત્મક માળખાને જિલ્લા અને મહાનગર સ્તરે વધુ સક્રિય બનાવવા માટે આ પ્રભારીઓ સંબંધિત એકમોમાં સંગઠનની કામગીરી, કાર્યકરો સાથે સંકલન અને પક્ષના કાર્યક્રમોના અમલની જવાબદારી સંભાળશે. તાજેતરમાં પ્રદેશ ભાજપના પ્રભારી તરુણ ચુઘે પણ છ જિલ્લાની મુલાકાત દરમિયાન સંગઠનાત્મક સંકલન અને પાયાના સ્તરની કામગીરી પર ભાર મૂક્યો હતો.